અણહિલ ભરવાડ સરકારી કુમાર છાત્રાલય, (વિ.જા.), પાટણ અને સતી જસમા ઓડણ સરકારી કન્યા છાત્રાલય, (વિ.જા.), પાટણના હયાત કેમ્પસમા ૧૦૦-૧૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતાવાળા નવા મકાન બાંધકામ માટેના કુલ રૂ.૨૧.૧૪ કરોડની તથા તે પૈકી પ્રથમ વર્ષ માટે રૂ.૭.૦૫ કરોડની નવી બાબતની વહીવટી મંજુરી બાબત. (વર્ષ ૨૦૨૬-૨૭).

**ગુજરાત સરકાર**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક:**SJED/NWR/e-file/17/2025/2884/A-1 Section**

સચિવાલય, ગાંધીનગર.

**તા.ઇ-સાઇન મુજબ.**

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૦/૦૩/૨૦૨૬નો પત્ર ક્રમાંક: DDCW/0097/03/2026.

<u>આમુખઃ-</u>

પાટણ જીલ્લો બક્ષીપંચની મહતમ વસ્તી ધરાવતો જીલ્લો છે. પાટણ ખાતે M.SC, M.COM, M.A, PHD, M.FILL, IT, MSW જેવી વિવિધ ફેકલ્ટી ધરાવતી ઉત્તર ગુજરાત યુનિવર્સિટી તેમજ મેડીકલ કોલેજ, એન્જીન્યરીંગ કોલેજ, આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો ધરાવતી સરકારી તેમજ ખાનગી કોલેજ, ડિપ્લોમા, આઈ.ટી.આઈ તથા ધોરણ ૧૧-૧૨ ની વિવિધ ફેકલ્ટીવાળી સરકારી તેમજ ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ ઉપલબ્ધ છે. જેના કારણે પાટણ ખાતે જીલ્લાના આજુબાજુના તાલુકા તેમજ બનાસકાંઠા જિલ્લામાંથી વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે પાટણ ખાતે આવે છે.

વર્તમાન સ્થિતિએ પાટણ ખાતે ડીપ્લોમા તથા ધોરણ ૧૧-૧૨નાં વિદ્યાર્થીનીઓ માટે વર્ષ-૨૦૨૦માં કન્યા છાત્રાલયની મંજુરી મળેલ જે બાબતે સદર છાત્રાલય માટે ભાડે રાખેલ મકાન શૈક્ષણિક સંસ્થાઓથી દૂર પડતું હોઈ તથા દિકરીઓની સુરક્ષાના પ્રશ્નો ઉપસ્થિત થવાની સંભાવના હોવાના કારણે વિદ્યાર્થીનીઓ પ્રવેશ માટે ફોર્મ ન ભરતા હોવાથી પાટણ ખાતે ધોરણ-૧૧/૧૨ તેમજ ડીપ્લોમામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને હાલમાં કાર્યરત સતી જસમા ઓડણ સરકારી કન્યા છાત્રાલય (વિ.જા.), પાટણના કેમ્પસમાં પ્રવેશ આપવામાં આવે તો વિદ્યાર્થીનીઓને શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ માટે જવાની અનુકુળતા વધુ રહે તેમ છે અને છાત્રાલયમાં પૂરતી સંખ્યા મળી શકે તેમ છે. આથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણએ ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૧) પરના તા.૧૦/૦૩/૨૦૨૬ના પત્રથી નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭માં વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની અણહિલ ભરવાડ સરકારી કુમાર છાત્રાલય, (વિ.જા.), પાટણ અને સતી જસમા ઓડણ સરકારી કન્યા છાત્રાલય, (વિ.જા.), પાટણના હયાત કેમ્પસમા ૧૦૦-૧૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતાવાળા નવા મકાન બાંધકામ માટેના કુલ રૂ.૨૧.૧૪ કરોડના બ્લોક અંદાજો પૈકી પ્રથમ વર્ષના ૩૩.૩૩% મુજબ રૂ.૭.૦૫ કરોડની નવી બાબતને વહીવટી મંજુરી આપવા અત્રે દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવઃ-</u>

પુખ્ત વિચારણાના અંતે, નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭માં વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની અણહિલ ભરવાડ સરકારી કુમાર છાત્રાલય, (વિ.જા.), પાટણ અને સતી જસમા ઓડણ સરકારી કન્યા છાત્રાલય, (વિ.જા.), પાટણના હયાત કેમ્પસમા ૧૦૦-૧૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતાવાળા નવા મકાન બાંધકામ માટે રૂ.૨૧.૧૪ કરોડની તથા તે પૈકી પ્રથમ વર્ષ માટે રૂ.૭.૦૫ કરોડની નવી બાબતને નીચેની શરતોને આધિન વહીવટી મંજુરી આપવામાં આવે છે.:-

1. બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે વિભાગે તત્કાલીન પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે. સદર બાંધકામ અંગેની ટાઈપ ડીઝાઈન માર્ગ અને મકાન વિભાગ પાસેથી અથવા નિયત થયેલ સંસ્થા પાસેથી તૈયાર કરવાની રહેશે.
2. બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.
3. આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી વિભાગ કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.
4. રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.

5. જમીન સંપાદન/ પુન: સ્થાપન કે પુન: વસન વિ. કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.
6. સદર બાંધકામ અંગેની કામગીરી પ્રોજેક્ટને અસર ન થાયે તે રીતે નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.આ બાંધકામ અંગે જો કોઈ લીટીગેશન , પબ્લિક કોર્ટ કેસ પડતર હોય તો પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં યોગ્ય નિકાલ કરવાનો રહેશે.
7. આ યોજના ની અમલવારી અર્થે કોઇ અન્ય વિભાગ સાથેના Linkagesની કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે
8. આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
9. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.
10. બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.
11. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
12. આ બાંધકામ અંદાજોની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
13. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
14. સૂચિત કામો પૈકી જે કામો VBGRAMG હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ VBGRAMG યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની વિભાગે તકેદારી રાખવાની રહેશે.
15. જો મકાન તોડી પાડવાનું હોય તો મકાન તોડી પાડવાની અનુમતી સક્ષમ કક્ષાએથી મેળવ્યા બાદ ગ્રાંટ રીલીઝ કરવાની વિભાગે તકેદારી રાખવાની રહેશે.
16. કેન્દ્ર પુરસ્કૃત યોજના હોય તો ભારત સરકાર પાસેથી સમયસર નાણા મેળવવાના રહેશે તેમજ ભારત સરકાર દ્વારા નિયત કરેલ શરતોનું પાલન કરવાનું રહેશે.
17. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ તેના સુચારુ ઉપયોગ અને અમલવારી માટે operation and maintenance ની યોગ્ય વ્યવસ્થા અને આયોજન કરવાનું રહેશે.
18. આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યનાં સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.
19. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
20. સદર યોજના રાજ્ય સરકારના ફાળા સિવાય બાહ્ય સહાયિત, લોન કે કેંદ્રીય ફાળા થી કરવાની હોય તો તે સમયસર મેળવી લેવા અંગે જરૂરી કાર્યવાહી સમયસર કરવાની રહેશે.
21. સમગ્ર પ્રોજેક્ટ તેની વહીવટી મંજુરીની મર્યાદામાં સમયસર પૂર્ણ થાય તે રીતે સમયબધ્ધ નાણાકિય આયોજન કરવાનું રહેશે. તે માટેના જરૂરી નાણાકીય સ્રોત પાસેથી સમય સર ફંડ ઉપલબ્ધ થાય તેનું આયોજન કરવાનું રહેશે.
22. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
23. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
24. આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.
25. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
26. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે. જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.
27. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
28. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.
29. Road and Building Department Resolution No.RBD/OAS/e-file/16/2022/0002/ Section C Dt. 11/10/2023થી પ્રસિધ્ધ થયેલ Standard Bidding Document (SBD) નું પાલન કરવાનું રહેશે.
30. રાજ્ય સરકારની કચેરીઓ દ્વારા હાથ ધરવામાં આવતાં કામોના ટેન્ડરને મંજુરી આપવા માટે નાણાં વિભાગના તા:૨૮.૦૩.૨૦૨૫ના

પરિપત્ર ક્રમાંક:સસપ-૧૦૯૭-૧૦૯-ઝથી નિયત થયેલ સત્તામર્યાદા ધ્યાને લેવાની રહેશે.

31. ઉકત મિલ્કતના વીમા, વીમા નિયામકશ્રીની કચેરીના પરામર્શમાં લેવાના રહેશે.
32. સદર કામનું ટેન્ડર કરવામાં આવે તે વખતે કોન્ટ્રાકટર દ્વારા Contractors all risk Policy (CAR)ની પોલીસી વીમા નિયામકશ્રીની કચેરીના પરામર્શમાં લેવાની રહેશે.
33. જે મંજુર થયેલ કામો/બાંધકામના સંદર્ભમાં કામ શરૂ થઇ ગયા હોય અથવા પૂર્ણ થઇ ગયા હોય અથવા પૂર્ણ થનાર હોય તેવા બાંધકામો/કામો બાંધકામોના કિસ્સામાં જયારે નાણા વિભાગ દ્વારા ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે ત્યારે આવી મિલ્કતોના વીમા, વીમા નિયામકશ્રીની કચેરીના પરામર્શમાં લેવાના રહેશે.
34. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક નં.-૮૪, મુખ્ય સદર:૪૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતીઓનું કલ્યાણ અંગે મૂડી ખર્ચની જોગવાઈ, પેટા મુખ્ય સદર: ૦૩-પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર: ૨૭૭-શિક્ષણ, પેટા સદર: ૪૨ મકાનો હેઠળ માર્ગ અને મકાન વિભાગના નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાનાંકીની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૭/૦૪/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**e-SD/-**
દેવ્યાની ઝાલા
**(સેકશન અધિકારી)**
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>**નકલ રવાના:-**</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(ના.વિ.)નાં અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ)ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સા.ન્યા અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(મા. અને મ.)ના અંગત મદદનીશશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.(વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતીસહ.)
- સિલેકટ ફાઇલ-૨૦૨૬.

*Signature Not Verified*

*Signed by:Devyani Zala*
*Section Officer*
*Date:2026.05.02*
*12:49:52 +5:30*



*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*